(તસવીર : સંજય રાવલ)

લીમલા ડેમ સુધી આવેલો પાણીનો પ્રવાહ મહેસાણા બાજુ વળ્યો : કિસાનો નારાજ

પ્રાંતિજ, તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના લીમલા પંથકના અસંખ્ય વિસ્તારોના કિસાનો માટે સિંચાઈ વ્યવસ્થા માટે અંગ્રેજો વખતનો લીમલા ડેમ ખાલીખમ થઈ જતા લોકોને સિંચાઈ માટે પાણીના પ્રશ્નો તેમજ બોર-કૂવાઓ માટે પાણીના આવરાના પ્રશ્નો ફેણ માંડીને ઉભા છે.

લીમલા ડેમમાં બનાવાયેલ સુઝલામ્ સુફલામ યોજનાની કેનાલ જીરો લેવલથી પણ નીચે કેનાલ બનાવાતાં ડેમમાં ભરાતું કે ભરવામાં આવતું તમામ પાણી આ કેનાલમાં વહી જતાં ડેમ ખાલીખમ થઈ જાય છે. એટલું જ નહીં પ્રાંતિજની મોટી બાંખ પણ આ જ કારણે પાણી વગરની રહે છે.

તા. ૩૦મીના રોજ સુજલામ સુફલામ કેનાલમાં પાણીનો પ્રવાહ આવતાં તંત્ર દ્વારા બનાવાયેલ પાણીનો કાચો પાટો તેમજ ૩૦૦૦ જેટલી માટીની થેલીઓ પણ રફેદફે થઈ જતાં પાણીના ડેમના બદલે પારા તોડીને કેનાલમાં જતું રહ્યું હતું અને આ કેનાલનો મહત્તમ લાભ કે પાણીનો લાભ માત્રને માત્ર મહેસાણા જિલ્લાને જ મળે છે. પ્રાંતિજ તાલુકામાં થઈને પાણી જતું હોવા છતાંય તાલુકાને જાણે કે પાણીની નસબંધી કરી હોય તેમ પાણી નહીં મળતા કિસાનો તેમજ જળસિંચાઈ સમિતિ ખિન્ન થયા છે.

કિસાનો જણાવે છે કે પાણીના ઉકેલ માટે કેનાલ ૦ લેવલ થી સાવ નીચે કે ઉપર લેવામાં આવે તો જ લીમલા ડેમ પાણીથી છલોછલ ભરાઈ રહે તેમજ આ પાણીનો લાભ કેરોલ ડેમ તથા બાંખને પણ મળે તો પ્રાંતિજ પંથકના ખેડૂતોને સિંચાઈમાં મહત્તમ ફાયદો થાય તેમ છે. સુજલામ સુફલામના અધિકારીઓ આટલું કરશે તો પ્રાંતિજના લીમલા વિસ્તારનો જળસંકટનો પ્રશ્ન હલ થશે. જરૂર છે માત્ર યોગ્ય આયોજનની!

પેઢમાલા જમીન વિવાદ : ૬૦૦ એકરથી વધુ જમીન સરકાર હસ્તક લેવા આદેશ

હિંમતનગર, તા.૩

હિંમતનગર તાલુકાના પેઢમાલા અને રાજપુર (ગાંભોઈ) ગામની ૬૦૦ એકરથી વધુ જમીન બોગસ ખેડૂત ખાતેદારોના પુરાવા રજુ કરી આશારામના પુત્ર નારાયણસાંઈ અને તેમના મળતીયાઓ તરફથી વેચાણ દસ્તાવેજ કરી નોંધ પડાવવામાં આવતા જિલ્લો કલેકટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જે અંગે તપાસ કરી તમામ વેચાણ દસ્તાવેજોની નોંધો રદ કરી હિંમતનગર કૃષિ પંચ દ્વારા ગણોતધારાની કલમ ૮૪ (સી) હેઠળ તપાસ કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસના અંતે પેઢમાલા અને રાજપુર, ગાંભોઈની ૬૦૦ એકરથી વધુ જમીન શ્રી સરકાર હસ્તક કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના પેઢમાલા અને રાજપુર (ગાંભોઈ) નજીક આશારામના પુત્ર નારાયણ સાંઈ, શિલ્પાદેવી નારાણય સાંઈ હરપલાણી, લક્ષ્મીદેવી આસુમલ હરપલાણી સહિત અન્ય ૯ વ્યકિતઓ પેઢમાલા ગામના બ્લોક નં/સર્વે નંબર ૩૨૧ પૈકી ૨૮, ૨૯, ૩૫ તેમજ રાજપુર (ગાંભોઈ)ના સર્વે નંબર ૬૦/૨ તેમજ ૬૦/૩ની ૬૦૦ એકરથી વધુ જમીનની ખરીદી અને વેચાણ દસ્તાવેજોની નોંધ પડાવી હતી.

નારાયણ સાંઈ તથા અન્ય શખ્સોએ કચ્છ જિલ્લાના અબડાસાના મોટા ખેડૂત ખાતેદારના હોવાના પુરાવા રજુ કરીને વેચાણ દસ્તાવેજ કરી સર્કલ ઓફિસર રૂપાલ પાસેથી નોંધ મંજુર કરાવવામાં આવી હોવા અંગે તત્કાલીન જિલ્લા કલેકટર સમક્ષ રજુઆત થતાં સમગ્ર પ્રકરણની ન્યાયિક તપાસના આદેશો કરવામાં આવ્યા હતા તેમજ હિંમતનગર કૃષિ પંચને ગણોતધારાના ભંગ બદલ તપાસ કરી અલગ અલગ સર્વે નંબરવાળી સંબંધીત ગામોની વેચાણ રાખેલી જમીનના માલિકો ખેડૂત ખાતેદારો છે કે નહીં તે અંગેનો અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું.

તપાસ દરમિયાન બોગસ ખેડૂત ખાતેદારના પુરાવા રજુ કરનાર જમીનના માલિકોને ગણોતધારાની કલમ ૮૪ (સી) હેઠળ નોટિસ ફટકારી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સમગ્રપ્રકરણ અંગે કૃષિ પંચ હિંમતનગર દ્વારા તપાસ પૂર્ણ કરી હતી. જેમાં ગણોતધારાની કલમ ૬ ઉનો ભંગ થતો હોવાનું માલુમ પડતા ગણોતધારાની કલમ ૮૪ (સી) હેઠળ પેઢમાલા ગામની સર્વે નંબર ૩૨૧ પૈકી ૨૮, ૨૯, ૩૫ તેમજ રાજપુર (ગાંભોઈ)ની સર્વે નંબર ૬૦/૨ તેમજ ૬૦/૩ ની બોજારહિત ૬૦૦ એકરથી વધુજમીન શ્રી સરકાર દાખલ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

પ્રાંતિજની શાળા નં. ૩માં શાળા પ્રવેશોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરની શાળા નંબર-૩માં સરકારના શિક્ષણ વિભાગ મારફતે કન્યા કેળવણી તેમજ શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. વાજતે-ગાજતે ફુલો ઉછાળી બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

શાળા નં. ૩માં આમંત્રિત મહેમાનોની હાજરીમાં ૧૬ જેટલા બાળકોએ વિધિવત પ્રવેશ મેળવ્યો હતો. પ્રવેશ લેતા બાળકોને ભાસ્કરભાઈ રાવલ તથા શંકરભાઈ રાવલ દ્વારા દફતર, સ્લેટ, કપડાં વગેરેની કીટ આપવામાં આવી હતી.

શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ઉષાબેન નિત્યાનંદ બ્રહ્મભટ્ટ તથા ટી.ડી.ઓ. મકવાણા, મામલતદાર પ્રજાપતિ, તુલસીભાઈ વાઘેલા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કેટલીક મહિલાઓ દ્વારા શાળાને અનુદાન આપવામાં આવ્યું હતું.

શિહોરીના તલાટી કમ મંત્રીનો વય નિવૃત્તિ સમારંભ યોજાયો

કાંકરેજ, તા.૩

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી જાનવીબેન પટેલના અધ્યક્ષ સ્થાને શિહોરી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી એસ.કે. રાવલનો વય નિવૃત્તિ વિદાય સમારંભ તાજેતરમાં યોજાયો હતો. તલાટી એસ.કે. રાવલે ટૂંકા ગાળામાં સમગ્ર પંથકમાં સારી એવી ચાહના મેળવી હતી.

વિદાય સમારંભ પ્રસંગે એસ.કે. રાવલને શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. કુલ ૩૩ વર્ષની કાર્યકાળ સેવાને સૌએ બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમમાં શિહોરીના સરપંચ હીરાજી ડાભી, ઉપસરપંચ કરણસિંહ ડાભી, મદદનીશ ટી.ડી.ઓ. શાંતિભાઈ પંચાલ, હીરાભાઈ ઠકકર, ભાવસિંહ ડાભી, મુકેશ શાહ, રામજીભાઈ રાયગોર, વિજય, કમશીભાઈ, રસીકલાલ, ધીરજભાઈ, અંબારામ, અમરસિંહ, મહેશભાઈ, રેવાભાઈ, રઘુજી વગેરે તેમજ પંચાયતના સદસ્યો, કર્મચારીઓ ખાસ હાજર રહ્યા હતાં. કાર્યક્રમનું સમગ્ર સંચાલન ધર્મેન્દ્ર જોષીએ કર્યું હતું.

અનોડીયા પંચાયતના પૂર્વ સભ્યે તલાટીના દાખલામાં ચેડા કરી એક ખેડૂતની જમીન વેચી દેતા બે સામે ફરિયાદ

માણસા, તા. ૩

માણસા તાલુકાના અનોડીયા ગ્રામ પંચાયતના પૂર્વ સભ્ય દ્વારા તલાટીના દાખલામાં ચેડા કરી બારોબાર કોઈ વ્યક્તિની જમીન ત્રાહિત વ્યક્તિને વેચી દિધી હોવાનું તલાટીના ધ્યાને આવતા તેઓએ તાત્કાલિક માણસા પોલીસ મથકમાં અનોડીયા પંચાયતના પૂર્વ સભ્ય સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર માણસા તાલુકાના અનોડીયા ગ્રામ પંચાયતના પૂર્વ સભ્ય રાજુસિંહ ભૂપતસિંહ રાઠોડે ગત તા. ૧૯ માર્ચ, ૨૦૧૨ના રોજ તેમના કુટુંબી બળદેવસિંહ બાબુસિંહ રાઠોડનું ચૂંટણી કાર્ડ નં. જીજે/૧૨/૦૮૪/૩૨૭૧૩૯ ખોવાઈ ગયું હોવાનું કહી તલાટીના પાસે દાખલાની માંગણી કરી હતી. જેના આધારે તલાટીએ મતદારયાદીની ખરાઈ કરી બળદેવસિંહ રાઠોડ વોર્ડ નં. ૫, ૧૫૪, ચૂંટણી ઓળખ કાર્ડ નં. જીજે/૧૨/૦૮૪/૩૨૭૧૩૯ થી નોંધાયેલ હોવા અંગેનો દાખલો પંચાયતના લેટર પેડ ઉપર સહી સિક્કો કરી લખી આપ્યો હતો. બાદમાં આ દાખલાના વાસ્તવિક ઉપયોગથી અજાણ એવા તલાટી તુકારામ જોષીએ રેકર્ડમાં તપાસ કરતા માલુમ પડ્યું હતું કે તેઓએ આપેલા દાખલામાં પાછળથી રામસિંહ પરબતસિંહ રાઠોડનો ફોટો લગાવી બળદેવસિંહની જાણ બહાર સહી સંમતિ સિવાય પંચાયતનો સિક્કો લગાવી બળદેવસિંહ ખોટી ઓળખ ઉભી કરી રામસિંહ અને રાજુસિંહે બળદેવસિંહની જમીન બારોબાર ત્રાહિત વ્યક્તિને વેચી મારી હતી જેની જાણ થતા તલાટીએ તાત્કાલિક આ મામલે બે ઈસમો વિરૂદ્ધ માણસા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

લેન્ડ રેકર્ડઝ અધિકારી બી.જે. જાદવનો વિદાય સમારંભ યોજાયો

હિંમતનગર, તા. ૩

લેન્ડ રેકર્ડઝ સાબરકાંઠા તથા ગાંધીનગર તરીકે ફરજ બજાવતા બી. જે. જાદવ સરકારી સેવામાંથી વય નિવૃત્ત થતા હિંમતનગર સરકીટ હાઉસ ખાતે લેન્ડ રેકર્ડઝ કર્મચારી મંડળ દ્વારા વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોક ચાહના ધરાવતા અધિકારી જાદવની સેવાઓને બિરદાવી તેમનું ફૂલહાર અને મોમેન્ટો આપી વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે જે. બી. માળી, સીટી સર્વે સુપ્રી, બી.વી. બીલવાલ કે.એસ. પરમાર, હસમુખભાઈ શ્રીમાળી, સંજયભાઈ જોષી, સુરેશ બારોટે વિદાય લેતા બી. જે. જાદવનુ બહુમાન કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

પાલનપુર શહેરના કે.એન. શાહ લાયન્સ હોલ ખાતે લાયન્સ કલબ ઓફ પાલનપુરના નવા વર્ષના હોદ્દેદારોનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખ તરીકે વસંતભાઈ ગજ્જર, મંત્રી તરીકે રમેશભાઈ પરમાર અને ખજાનચી તરીકે મંઝીલ સોનીને લાયન્સના પૂર્વ ડીસ્ટ્રીકટ ગવર્નર ડી. ૩૨૩ બી ના સુભાષ દાસાણીએ શપથ લેવડાવ્યા હતા. આ શપથ સમારોહમાં મોટી સંખ્યામાં કલબના આમંત્રીતો ઉપસ્થિત રહ્યા હતાં.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રણમાં ફસાઈ ગયેલા ૧૦ પશુપાલકોને બચાવાયા

ગાંધીનગર, તા.૩

કચ્છમાં તાજેતરમાં એકાએક ભારે વરસાદના કારણે નાના રણમાં ફસાઈ ગયેલા ભચાઉ તાલુકાના આધોઈ ગામના ૧૦ જેટલા રબારી ભરવાડ પશુપાલકોને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સમયસૂચકતાથી વાયુદળના હેલીકોપ્ટરની મદદથી ઉગારી લેવામાં આવ્યા તે અંગે મુખ્યમંત્રીનો હાર્દિક આભાર માનવા આ અસરગ્રસ્ત કચ્છી ભરવાડ પશુપાલકોના ૧૦૦ જેટલા પરિવારજનો ગાંધીનગર આવ્યા હતા. ધારાસભ્ય જયંતિભાઈ ભાનુશાળીની આગેવાનીમાં અરજણભાઈ રબારીએ આ કચ્છી ભરવાડોના કુટુંબીજનોનો પરચિય કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ કચ્છના વિનાશક ધરતીકંપ પછી રાજય સરકારે આપત્તિ વ્યવસ્થાપનનું સક્ષમ તંત્ર વિકસાવ્યું છે તેની ભૂમિકા આપી હતી અને કચ્છના રણમાં ભારે વરસાદના કારણે ફસાઈ ગયેલા આ ભરવાડ કુટુંબોની પાસેથી ઘટનાની માહિતી મેળવી હતી.

હેરીટેજ વોકરૂટ અપગ્રેડ કરવા વિચારણા શરૂ થઈ

શહેરમાં હેરીટેજ વારસાની જાળવણી કરવાના ભાગરૂપે હેરીટેજ વોક રૂટ અપગ્રેડ કરવા અને ચબૂતરાઓનું રીપેરીંગ કરવાની વિચારણા મ્યુનિસિપલ કોર્પોરેશને હાથ ધરી છે. આ અંગે બે દરખાસ્તો આગામી તા. ૫ જુલાઈએ મળનારી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ થઈ છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ શહેરમાં હેરીટેજ વોકરૂટ અપગ્રેડ કરવા માટે કોન્ટ્રાક્ટર આદર્શ બિલ્ડર્સનું રૂા. ૭૯.૪૭ લાખનું ટેન્ડર આવ્યું છે.

ભાજપાની ઝોન બેઠકો ૪ જુલાઈથી યોજાશે

અમદાવાદ, તા. ૩

ભાજપાના પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે આગામી વિધાનસભાની ચૂંટણીઓ તેમજ કોંગ્રેસની યુ.પી.એ. સરકારના ભ્રષ્ટાચાર અંગે અને મોંઘવારીના વિષયકમાં દેશને ફસાવવાના ષડયંત્રો સામે આંદોલનાત્મક કાર્યક્રમોને ઘડવા માટે સમગ્ર રાજયમાં ચાર ઝોનમાં ૪ જુલાઈથી ભાજપાની ઝોનલ બેઠકો યોજાશે. આ બેઠકમાં ભાજપાના રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી, ભાજપાના પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભિખુભાઈ દલસાણીયા સહિત આગેવાનો ઉપસ્થિત રહેશે.

તેઓએ જણાવ્યું છે કે ૪ જુલાઈના રોજ દક્ષિણઝોનની બેઠક એ.પી.એમ.સી. માર્કેટ સુરત ખાતે, ૫ જુલાઈના રોજ મધ્ય ઝોનની બેઠક વડોદરા ખાતે, ૬ જુલાઈના રોજ ઉત્તર ઝોનની બેઠક મહેસાણા વોટરપાર્ક ખાતે અને ૯ જુલાઈના રોજ રાજકોટ ભાજપા કાર્યાલય ખાતે સૌરાષ્ટ્ર ઝોનની સવારે ૧૦.૦૦ કલાકે બેઠક યોજાશે.

ભાજપા દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલ સંગઠન પર્વની સમીક્ષા આ બેઠકમાં પ્રદેશ સંગઠન પર્વના ઈન્ચાર્જ શ્રી ભરતભાઈ પંડ્યાની ઉપસ્થિતિમાં કરાશે.

આ બેઠકમાં ઝોનમાં રહેતા પ્રદેશ હોદ્દેદારો, જિલ્લા ઈન્ચાર્જશ્રીઓ, જિલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સંગઠન પર્વના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જશ્રી સહિત અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહેશે.

હિંમતનગરના હાજીપુરામાંથી સમી સાંજે બોલેરો ગાડી ચોરાઈ

હિંમતનગરના હાજીપુરા વિસ્તારમાં જાહેર માર્ગ પર પાર્ક કરેલી એક બોલેરો ગાડીને કેટલાક ઈસમો ધોળે દિવસે ઉઠાવી જતા ગાડીના માલિકે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. હિંમતનગરના હાજીપુરા વિસ્તારમાં ગત રોજ સાંજે ૫.૩૦ કલાકે જયંતિભાઈ કાળાભાઈ વાઘેલા પોતાની માલિકીની બોલેરો ગાડી નં. જીજે-૯-એ.જી.-૫૦૯૦ લઈ આવ્યા હતા અને પોતાના કામ અર્થે નજીક માર્ગ પર બોલેરો ગાડી પાર્ક કરી ગયા હતા. દરમિયાન થોડા સમય બાદ તેઓ પોતાની ગાડી પાસે આવ્યા હતા પરંતુ જ્યાં બોલેરો ગાડી પાર્ક કરી હતી તે જગ્યાએ ગાડી ન હતી.

સાબરકાંઠા જિલ્લા વાલ્મિકી સમાજની હિત રક્ષક સમિતિ માનવ અધિકાર પંચને મળી

હિંમતનગર, તા.૩

સાબરકાંઠા જિલ્લા વાલ્મિકી સમાજની હિત રક્ષક સમિતિના પ્રમુખ આર.કે. ચૌહાણ અને સાથીગણે તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવેલા નવી દિલ્હી, માનવ અધિકાર પંચના સદસ્ય રાજુભાઈ પરમારની મુલાકાત લઈ સમાજના વિવિધ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી આવેદનપત્ર આપ્યું હતું.

વાલ્મિકી સમાજના પ્રશ્નો જેવા કે, સફાઈકામના વિસ્તાર મુજબ કર્મચારીઓની કાયમી ભરતી કરવી, વર્ષોથી પાર્ટ ટાઈમ કામ કરતા ઉમેદવારોને કાયમી કરવા, લઘુત્તમ વેતન ધારા પ્રમાણે વેતન આપવા, સફાઈ કામમાં ખાનગીકરણ કોન્ટ્રાક્ટર પ્રથા બંધ કરવી, રહેમ રાહે નોકરી ચાલુ કરવા, અશકત કામદારની બદલીમાં વારસદારને નોકરી આપવી, હિંમતનગરમાં વાલ્મિકી વાસનાં મકાનોના દબાણો વગેરે પ્રાણ પ્રશ્નો સાથેનું આવેદનપત્ર ગુજરાતના તમામ કલેકટરને તથા તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવેલા માનવ અધિકાર પંચ, નવી દિલ્હીના સદસ્ય રાજુભાઈ પરમારને આપ્યું હતું. પ્રમુખ આર.કે. ચૌહાણ, ગોરધનભાઈ રાઠોડ, મહામંત્રી ડી.એચ. સોલંકી, મનહર પરમાર, દિલીપભાઈ ચૌહાણ, નાગરભાઈ સોલંકી તથા કનોજભાઈ ચૌહાણે વાલ્મિકી સમાજના પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરીને આવેદનપત્ર એનાયત કર્યું હતું. રાજુભાઈએ આ બાબતે યોગ્ય તપાસ કરી સરકારમાં ભલામણ કરવા હૈયાધારણ આપી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોની સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧